GJSK040012662026

**મુદામાલ અરજ નં.૧૯૫/૨૦૨૬**
**જાદર .પો.સ્ટે.પાર્ટ સી.ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૪૨૬૦૨૭૮/૨૦૨૬**

**અરજદાર નરેશકુમાર ચંદુભાઈ ડામોરની બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ ની અરજી**

**હેઠળ હુકમ :**

**૧..** જાદર પો.સ્ટે.પાર્ટ સી.ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૪૨૬૦૨૭૮/૨૦૨૬, પ્રોહી. એકટની કલમ–૬૫–એ–એ મુજબના ગુનાના કામે અરજદારની માલિકીની ટી.વી.એસ. કંપનીની જયુપીટર–૧૨૫ સ્કુટર રજી.નં.જી.જે.૦૯ ડી.એન.૬૩૮૧ છે તે સદર ગુનાના કામે પોલીસે કબજે કરેલ છે, તે પરત મેળવા માટે આ કામના અરજદાર નરેશકુમાર ચંદુભાઈ ડામોરનાએ હાલની અરજી દાખલ કરેલ છે.

**૨..** અરજદારે અરજીમાં જણાવેલ છે કે, સદર વાહન તેમની માલિકીનું છે અને સદરહુ વાહન અરજદારનું રોજીંદો વ્યવસાય કરવા માટેનો એક માત્ર સાધન છે. વાહન વિના અરજદારે ખૂબજ તકલીફ વેઠવી પડે છે અને આર્થિક નુકશાન સહન કરવું પડે છે. વધુમાં અરજદારે જણાવેલ છે કે, જો વાહન લાંબો સમય પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં બંધ હાલતમાં પડી રહે તો તેના સ્પેર પાર્ટસને, ટાયર, ટયુબને નુકશાન થાય તેમ છે, તેથી અરજદારે સદર વાહન યોગ્ય શરતોને આધીન પરત સોંપવા અરજ કરેલ છે.

**૩..** હાલના કામે અરજદારે મુદ્દામાલ વાહન પોતાની માલિકીનું છે તે દર્શાવવા આર.સી.બુકની નકલ રજૂ કરેલ છે. જે વંચાણે લેતાં અરજદાર સદર મુદ્દામાલ વાહનના કાયદેસરના માલિક હોવાનું જણાઈ આવે છે. આ ઉપરાંત રહેઠાણના પુરાવામાં આધાર કાર્ડની ઝેરોક્ષ રજૂ કરેલ છે.

**૪..** હાલની મુદ્દામાલ અરજી, પંચનામુ, એફ.આઈ.આર. તથા અરજદાર તર્ફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં હાલનું મુદ્દામાલ વાહન સદર ગુનાના કામે કબજે કરેલાનું જણાય છે. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના

૨૦૦૩(૧) જી. એલ. એચ. ૩૦૭ –સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજયના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો અને માર્ગદર્શનને ઘ્યાને રાખી આ કોર્ટનું માનવું છે કે, સદર મુદ્દામાલ હાલ તપાસના કામે જરૂર જણાતી નથી.સદર મુદામાલ સબંધે આજદિન સુધી અન્ય કોઈ વ્યકિતએ કલેઈમ કરેલ નથી. વધુમાં, મુદ્દામાલ વાહનમાંથી વીસ લીટર કરતાં ઓછો પ્રોહી. મુદ્દામાલ પોલીસે કબજે કરેલ હોવાનુ જણાય આવે છે અને સદર મુદ્દામાલ જો લાંબો સમય પોલીસ સ્ટેશનમાં બંધ હાલતમાં પડી રહે તો તેના સ્પેરપાર્ટસને નુકશાન થાય તેમ છે. આમ, આ તમામ સંજોગો જોતાં સદર ગુનાના કામે કબજે કરેલ અરજદારની માલિકીનો મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે યોગ્ય શરતોને આધીન અને જામીન લઈ પરત સોંપવામાં આવે તો ન્યાયોચિત લેખાશે તેવું આ અદાલતનું માનવું છે,તેથી ન્યાયના હિતમાં મુદ્દામાલ નીચેની શરતોને આધિન અરજદારને પરત સોંપવા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**હુ ક મ**</u>

(૧) અરજદાર નરેશકુમાર ચંદુભાઈ ડામોરની હાલની મુદ્દામાલ પરત મેળવવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર જાદર પો.સ્ટે.પાર્ટ સી.ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૪૨૬૦૨૭૮/૨૦૨૬, પ્રોહી. એકટની કલમ–૬૫–એ–એ મુજબના ગુનાના કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલની કિંમત કરતાં દોઢી રકમના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપ્યેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ટી.વી.એસ.કંપનીની જયુપીટર–૧૨૫ સ્કુટર રજી.નં.જી.જે.૦૯ ડી.એન.૬૩૮૧ ની છે તે નીચેની શરતોને આધિન અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>**શ ર તો :–**</u>

૧. અરજદારે સદરહુ મુદ્દામાલ વાહન કેસના આખર નિકાલ થતા સુધી કોઈને વેચાણ ગીરો, ટ્રાન્સફર કે કોઈ રીતે હસ્તાંતર કરવુ નહી કે તેની સ્થિતિમાં કોઈ ફેરફાર કરવો નહીં.

**૨.** સદર મુદ્દામાલ વાહન નામદાર કોર્ટ જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં અરજદારે જે તે સ્થિતિમાં સ્વખર્ચે રજૂ કરવાનું રહેશે.

**૩.** અરજદારે સદર વાહનનું મૂળ સ્વરૂપ બદલાય જાય તેવા કોઈ ફેરફાર કરવા નહીં.

**૪.** અરજદારે સદર વાહનનો કોઈ પણ ગુનાહીત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો નહીં.

**૫.** આ કામના તપાસનીશ અધિકારીએ સદર મુદ્દામાલ વાહનના ફોર એંગલના ફોટોગ્રાફસ પડાવીને આ કામમાં સામેલ રાખવા.

સંબંધીત પોલીસ સ્ટેશને જામીન સ્વીકારી અત્રેની અદાલતમાં તે અંગેનો રીપોર્ટ કરવો.

હુકમ આજ તા.૨૩ મી, માહે: જુલાઈ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૭/૨૦૨૬
મુ.ઈડર

**(વિપ્લવ એચ.તૈરૈયા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઈડર.
**જજ કોડ જીજે ૦૧૬૮૧**

//Mahavir//